જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૧૧/૨૦૨૦ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૪૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ००/०० થી કલાક ૨૪/०० સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૮૧ | 3 | ૧૦૬૮૪ | ૧૬૮૧૫ | 3 | ૧૬૮૧૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ० | ૪૩૪૬ | ૫૮૬૧ | ० | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ० | ૫૨ | ૨૨૬ | ० | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૧૮ | ૨૧ | ૧૫૩૩૯ | ૧૬૧૬૨ | ૧૭ | ૧૬૧૭૯ |
| | કુલ | ૩૦૩૯૭ | ૨૪ | ૩૦૪૨૧ | ૩૯૦૬૪ | ૨૦ | ૩૯૦૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫ | ૧૨,૫૩,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨૬ | ૧૪,૨૬,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

## <u>“એ.ટી.એમ.” તોડીને ચોરીની કોશિષ કરનાર ઇસમને ચોરીના પલ્સર મો.સા. કિ.રૂ.૨૦,૦૦૦/- સાથે પકડી પાડી બે ગુનાનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ</u>

મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી “ઝોન - ૭” સાહેબ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી “એમ ડિવીઝન” સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર “ઝોન – ૭” વિસ્તારમાથીમાં મિલકત સબંધી તથા વાહન ચોરીના અનડીટેક્ટ ગુનાઓ સત્વરે શોધી કાઢવા સારૂં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ સુચના કરતા પોલીસ ઈન્સ્પેકટર સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ શ્રી બી.ડી ભટ્ટ તથા મ.સ.ઇ ગીરીરાજસિહ અનિરૂધ્ધસિંહ બ.નં ૭૬૦૨તથા હે.કો. રાકેશભાઇ ધનજીભાઇ બ.નં ૪૯૧૬ તથા પો.કો સિધ્ધરાજસિહ પ્રહલાદસિંહ બ.નં ૧૩૧૦૨તથા લો.ર.યશપાલસિંહ બટુકસિંહ બ.નં ૧૨૩૦ તથા લો.સ. શક્તિસિંહ દીલીપસિંહ બ.નં ૧૪૩૭ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસસ્ટેશન વિસ્તારમાં ચોરીમા ગયેલવાહનોની ખાનગી રીતે વોચ તપાસમા હતા દરમ્યાન હે.કો. રાકેશભાઇ ધનજીભાઇ બ.નં ૪૯૧૬ તથા પો.કો સિધ્ધરાજસિહ પ્રહલાદસિંહ બ.નં ૧૩૧૦૨ નાઓને પોતાના ખાનગી બાતમીદારોથી માહીતી મળેલ બાતમી મળેલ કે એક ઇસમ ચોરી અથવા છળકપટ થી મેળવેલ કાળા કલરનુ બજાજ પલ્સર મો.સા લઇ ટી.વી.-૯ થી ખોડીયાર માતાના મંદીર થઇ રબારીવાસ થઇ યશ કોમ્પ્લેક્ષ તરફ જનાર છે જે બાતમી આધારે ખોડીયાર માતાના મંદીર પાસે વોચમા રહી ઉપરોક્ત બાતમીવાળી પલ્સર મો.સા.નો ચાલક આવતા તેને પકડી પાડી નામ-ઠામ પુછતા પોતાનુ નામ ગૌરાંગ ઉર્ફે રવિ સ/ઓ જગદીશભાઇ શામજીભાઇ રાઠોડઉ.વ-૨૩ ધંધો- કડીયાકામ રહે- મકાન નં ૨૪૫, ચામુંડા નગર, વેજલપુર ગામ, અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ જેથી તેના કબજામા રહેલ પલ્સર મો.સા ના આગળ પાછળ નંબર જોતા GJ-01-MK-4452 નો જણાઇ આવેલ જે બાબતે પોકેટકોપ એપ્લીકેશનમા સદર વાહન નંબર સર્ચ કરી તપાસ કરતા એંજીન નંબર તથા ચેસીસ નંબર જુદા-જુદા જણાઇ આવેલ જેથીતેની પાસે સદર પલ્સર મો.સા.ની ઓરીજનલ આર.સી.બુક, કાગળો બાબતે પુછતા ગલ્લા-તલ્લા કરી યોગ્ય સંતોષકારક જવાબ આપતો ન હોય સદરી ઇસમને પોલીસ સ્ટેશન લાવી યુક્તિ-પ્રયુક્તિ વડે ઉંડાણપુર્વક પુછપરછ તપાસ કરતા જણાવેલ કે સદર પલ્સર મો.સા. તેને પાલડી રીલીફ રોડ ખાતે આવેલ સ્પેક્ટર્મ કોમર્શીયલ સેન્ટર ખાતે આવેલ ભોયરાવાળા પાર્કીગ માથી ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ

બાદ સદરી આરોપીની અન્ય ગુના સંબધે વધુ પુછપરછ કરતા આજથી એકાદ દિવસ આગાઉ રાત્રીના સમયે ત્રણેક વાગે બુટ ભવાની મંદીર પાસે આવેલ શ્રુતિ સિધ્ધી એપાર્ટમેન્ટમા આવેલ શોપીંગમા આવેલ એક્સીસ બેન્કના એ.ટી.એમ મશીનમા ચોરી કરવાના ઇરાદે મશીન તોડવાનો પ્રયત્ન કરેલ જે બાબતે ખાત્રી તપાસ કરાવતા અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઇ આવેલ

જેથી ઉપરોક્ત પલ્સર મો.સા. બાબતે ખાતરી તપાસ કરાવતા સદર પલ્સર મો.સા. અંગે પાલડી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલ હોય જેથી સદરી ગૌરાંગ ઉર્ફે રવિ સ/ઓ જગદીશભાઇ શામજીભાઇ રાઠોડ ઉ.વ-૨૩ ધંધો- કડીયાકામ રહે- મકાન નં ૨૪૫, ચામુંડા નગર, વેજલપુર ગામ, અમદાવાદ શહેર નાને ગુનાના કામે ૦૯/૧૧/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે અટક કરેલ છે.તથા ઉપરોક્ત પલ્સર મો.સા. સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી વધુ તપાસ અર્થે પાલડી પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ હાથ ધરવામા આવેલ છે. આમ વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડને વધુ એક વાહન ચોરીનો ભેદ ઉકેલવામા સફળતા મળેલ છે.

## શોધાયેલ ગુનાની વિગત

પાલડી પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર. A-૧૧૧૯૧૦૧૬૨૦૦૫૧૬/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

વેજલપુર પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર. A-૧૧૧૯૧૦૨૮૨૦૧૮૬૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૫૧૧, મુજબ



# નકલી પોલીસની અટકાયતની વિગત

ખાડીયા પોલીસ સ્ટેશન :

## નકલી વુમન પોલીસ ઝડપી પાડતી ખાડીયા પોલીસ

મહે. પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-03 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશનનાઓ તરફથી આગામી દિવાળીના તહેવાર અનુસંધાને કોઇ અનઇચ્છનીય બનાવ ન બને તેમજ મિલ્કત સંબંધી ગુના બનતા અટકાવવા સારૂ સુચના મુજબ પો.સ.ઇ.પી.બી.ચૌધરી તથા સાથેના અ.હેડકોન્સ. દિપસંગજી ઉદાજી તથા અ.પો.કો. કુન્દનકુમાર ભરતભાઇ તથા અ.લો.ર. પ્રદિપસિંહ રોહીતસિંહ તથા અ.લો.ર.મહેશભાઇ રમેશભાઇ તથા વુ.હેડકોન્સ. નયનુબેન ઇબ્રાહિમભાઇ તથા અ.વુ.હેડકોન્સ. આયશાબેન અલ્લાઉદ્દીન તથા અ.વુ.લો.ર. જાગૃતીબેન અમૃતભાઇ તથા અ.વુ.લો.ર. બિંદુબેન પોલાભાઇ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કન્ટ્રોલ રૂમ તરફથી ફતાશાપોળમાં કેટલીક મહીલાઓ પોલીસ તરીકેની ઓળખ આપતી હોય અને ડુપ્લીકેટ પોલીસ જેવી લાગતી હોવાનો મેસેજ મળતા સદરી મેસેજ આધારે તપાસ કરતા સદરી જગ્યાએથી ચાર મહીલાઓ મળી આવેલ હતી અને સદરી મહીલાઓ પોતાની ઓળખ મહીલા પોલીસ તરીકે ની આપતા હોઇ સદરી ચારેય મહીલાઓને પકડી પાડી તેઓની પુછપરછ કરી તેઓ તમામ વિરૂધ્ધમાં પોલીસ તરીકે ની ખોટી ઓળખ આપવા અંગેનો ગુનો દાખલ કરાવી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૦૯/૧૧/૨૦૨૦.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૪૩ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અતકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૪/૨૦૨૦**

**પાલડીઃ** વૈભવ ભરતભાઇ શાહ (ઉ.વ.૨૯) (રહે. આશિર્વાદ ફલેટ બ્રહ્મક્ષત્રિય સોસાયટી વિભાગ-૨ શાંતિવન રોડ પાલડી) એ તા.૦૯/૧૧/૨૦૨૦ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૦ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૩૪૬૦૪૮૪૪૭ ના ધારકે વૈભવ શાહને ફોન કરી લોભામણી લાલચ આપી ક્યુ.એસ.નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી વૈભવ શાહના ખાતામાંથી રૂપિયા ૩૪,૯૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.પાંડવ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૪૫/૨૦૨૦**

**નરોડાઃ** હસિતભાઇ વિષ્ણુભાઇ પટેલ (રહે, ભાગ્યોદય સોસાયટી વિભાગ-૨, દેવી સિનેમા પાછળ નરોડા બેઠક) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૨૦ સાજના ૭/૩૦ થી તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા ગામ સીટી કોર્નર સામે અર્જુન કોમ્પલેક્ષ ખાતે જોલી ટ્રેડર્સ નામની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી લેપટોપ કિમત રૂપિયા ૨૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- તેમજ જરૂરી કાગળોની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**સોનાની ચેઈન/દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૬/૨૦૨૦**

**સરદારનગરઃ** સંધ્યાબહેન ડો/ઓ રાજેન્દ્રભાઇ દિદાવાલા (ઉ.વ.૪૪) (રહે.મહાજનીયાવાસ નરોડા પાટીયા કુબેરનગર સરદારનગર) તા.૦૯/૧૧/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે કુબેરનગર લીલારામ ફટાકડાની દુકાનની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સંધ્યાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૩,૫૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સંધ્યાબહેન દિદાવાલા એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**નિકોલઃ** શાંતિલાલ મનુભાઇ માલવીયા (ઉ.વ.૩૭) (રહે. ગણેશ ફ્લેટ ઇન્ડીયા કોલોની સુરજીત સોસાયટી પાસે બાપુનગર) તા.૨૩/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સરદાર મોલ સામે ઠક્કરનગર બ્રિજ ઉપરથી સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષ શાંતિલાલ માલવીયાના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતિલાલ માલવીતાએ તા.૦૯/૧૧/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**રામોલઃ** રીનાબહેન હીતેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) (રહે. કૃષ્ણદર્શન સોસાયટી જામફળવાડી રામોલ) તા.૨૮/૧૦/૨૦૨૦ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે રામોલ સીટીએમ સ્નાના ઘર નજીકથી પતિ સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રીનાબહેન રાઠોડના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રીનાબહેન રાઠોડે તા.૦૯/૧૧/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

## સાઈટ ઉપરથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૯૪૭/૨૦૨૦

**વસ્ત્રાપુરઃ** સિંધુભવન રોડ પર આવેલ ગોગા મહારાજ મંદિર સામે આવેલ ટાઇમ સ્કવેર સાઇટ ઉપર રહેતા અને ત્યા જ કામ કરતા મોહમદજમાલ મોહમદતસલીમ (ઉ.વ.૪૫) (મુળ વતન. ગામ-મીલીકતોલા થાણા-બાયસી, બ્લોક-બાયસી,ચંદ્રગાવ,પુર્ણીયા,બીહાર) તા.૦૧/૧૧/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર કામ કરતા હતા ત્યારે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૧૧/૨૦૨૦ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેનભાઇ જેરામભાઇ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૯૪૮/૨૦૨૦

**રિવરફ્રંટ વેસ્ટઃ** મનોજ તારાચંદ માહોર (ઉ.વ.૨૧) (રહે. ક્રિષ્ણા શેરી સોમેશ્વરનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૪૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે જમાલપુર ફુલ બજાર તરફ રિવરફ્રંટ વોક વે  સીડી નંબર-૨ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મરામ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ (૧)** નારણભાઇ સ/ઓ કાંતીભાઇ પટણી (ઉ.વ.૨૫) (રહે. પ્રભાશંકરની ચાલી શારદાબેન હોસ્પિટલ પાછળ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૯/૨૦ વાગ્યા પહેલા ઇન્દીરાબ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ કાળુભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ (૨)** મહેશભાઇ ડાહ્યાભાઇ મકવાણા (ઉ.વ.૩૬) (રહે. આદર્શ એપાર્ટમેન્ટ જોગેશ્વરી રોડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા ઇન્દીરાબ્રીજ ઉપર મોટર સાયકલ મુકી બ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ કાળુભાઇ ચલાવે છે.

**નારોલઃ** ધમેન્દ્ર કિશનપાલ રાજપુત (ઉ.વ.૪૫) (રહે. નારાયણ ક્રીસ્ટલ ફ્લેટ ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘોડાસર સ્વામિનારાયણ મંદીર સામે ચંદ્રલોક બંગ્લોઝ ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર પેટ્રોલ છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી